## 7.4 ગુણસ્થાનક ની સમજ

આત્માનો વિકાસ કેવી રીતે થાય છે, તેની શરૂઆત ક્યારથી થાય છે અને અંત ક્યારે આવે છે, એનું સ્પષ્ટીકરણ જૈનશાસ્ત્રોમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદિત ગુણસ્થાનોને બરોબર સમજવાથી આ વિષયને સ્પષ્ટ બોધ થઈ જાય છે. આધ્યાત્મિક વિકાસના બોધ માટે ગુણસ્થાનોની સમજ અનિવાર્ય છે. ગુણસ્થાનક શબ્દ જ આધ્યાત્મિક વિકાસનું સૂચન કરે છે.

ગુણોનું સ્થાન તે ગુણસ્થાન, અર્થાત્ આત્મામાં ગુણો પ્રગટવાથી થતા આધ્યાત્મિક વિકાસની ભૂમિકા. આત્મામાં જ્ઞાનાદિ ગુણો રહેલા જ છે, પણ આવરાયેલા=દબાયેલા છે. જ્ઞાનાદિ ગુણો ઉપર કર્મોનું આવરણ છે. જેમ જેમ કર્મોનું આવરણ ખસતું જાય છે, તેમ તેમ આત્મામાં જ્ઞાનાદિ ગુણો પ્રગટતા જાય છે, અને આત્મા વિકાસના પંથે આગળ વધતો જાય છે. કર્મોથી આવરિત આત્માના ગુણોનું પ્રગટીકરણ એ જ આધ્યાત્મિક વિકાસ છે. કોઈ પણ જીવનો આધ્યાત્મિક વિકાસ ક્રમિક થાય છે. આથી તેની અનેક ભૂમિકાઓ (=અવસ્થાઓ) છે. એ ભૂમિકાઓનું જૈનશાસ્ત્રોમાં સંક્ષેપથી ચૌદ વિભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. એને ચૌદ ગુણસ્થાન કહેવામાં આવે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪. અવિરતસમ્યગ્દૃષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. સર્વવિરતિ પ્રમત્ત, ૭. અપ્રમત્ત સંયત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિ બાદર સંપરાય, ૧૦. સૂક્ષ્મ-સંપરાય, ૧૧. ઉપશાંત-મોહ, ૧૨. ક્ષીણ-મોહ, ૧૩. સયોગી કેવલી, ૧૪. અયોગી કેવલી.

(૧) મિથ્યાત્વ ઃ આત્મામાં રહેલા ગુણો ઉપર આઠ કર્મોનું આવરણ છ. તેમાં મોહ કર્મનું આવરણ મુખ્ય છે. મોહ કર્મનું આવરણ પ્રબળ હોય તો બાકીનાં કર્મોનું આવરણ પણ પ્રબળ હોય છે. મોહ કર્મનું આવરણ નિર્બળ હોય તો બાકીનાં કર્મોનું આવરણ પણ નિર્બળ હોય છે. મોહ કર્મનું આવરણ દૂર થતાં બાકીનાં કર્મોનું આવરણ અવશ્ય દૂર થાય છે. આત્માનું સંસારમાં પરિભ્રમણ મોહ કર્મથી થાય છે. મોહ કર્મનું આવરણ જેમ જેમ ઘટે છે તેમ તેમ ઉત્થાન=વિકાસ થાય છે. મોહના મુખ્ય બે ભેદ છે. (૧) દર્શન મોહન

અને (૨) ચારિત્ર મોહ. દર્શનમોહનું કાર્ય અશુદ્ધ માન્યતા છે. ચારિત્રમોહનું કાર્ય અશુદ્ધ (=હિંસાદિ પાપવાળી) પ્રવૃત્તિ છે. જયાં સુધી જીવ શુદ્ધ માન્યતાવાળો ન બને ત્યાં સુધી વિકાસનો પ્રારંભ થતો નથી, અને જયાં સુધી શુદ્ધ પ્રવૃત્તિવાળો બનતો નથી ત્યાં સુધી વિકાસના પંથે આગળ વધી શકતો નથી. ગુણો પ્રગટવાથી વિકાસ થાય છે. માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી. માન્યતા શુદ્ધ ત્યારે જ બને કે જયારે દર્શનમોહ મરે અથવા નિર્બળ બને. જેમનો દર્શનમોહ મર્યો નથી કે નબળો પણ પડ્યો નથી તેવા જીવોની માન્યતા અશુદ્ધ હોય છે. જેમની માન્યતા અશુદ્ધ હોય તેમની પ્રવૃત્તિ પણ અશુદ્ધ હોય છે. આવા જીવો મિથ્યાત્વ ગુણસ્થાને રહેલા છે. મિથ્યાત્વ એટલે અશુદ્ધ માન્યતા.

(૨) સાસ્વાદન ઃ સમ્યકત્વથી પતિત બનેલા આત્માને મિથ્યાત્વદશા પામતાં પહેલાં થતો સમ્યકત્વનો કંઈક ઝાંખો અનુભવ બીજું ગુણસ્થાન છે. આસ્વાદનથી (=સ્વાદથી) સહિત તે સાસ્વાદન. જે કોઈ માણસ ખીરનું ભોજન કર્યા પછી ઊલટી થતાં અસલ ખીરના જેવો મધુર સ્વાદ અનુભવતો નથી, તથા ખરાબ સ્વાદ પણ અનુભવતો નથી, પણ ખીરના જેવો કંઈક અવ્યક્ત સ્વાદ અનુભવે છે, તેમ અહીં સાસ્વાદન ગુણસ્થાને રહેલો જીવ સમ્યકત્વનો અનુભવ કરતો નથી, તેમ મિથ્યાત્વનો પણ અનુભવ કરતો નથી, કિંતુ સમ્યકત્વની ઝાંખી અનુભવે છે. ત્યાર પછી તુરત એ આત્મા અવશ્ય મિથ્યાત્વદશાને પામે છે.

આ ગુણસ્થાનક ઉપશમ સમ્યકત્વ અને ઉપશમ શ્રેણીથી પડીને મિથ્યાત્વને પામતાં પહેલાં હોય તથા ભવચક્રમાં પાંચ જ વાર ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત થાય અને એથી આ ગુણસ્થાનક પણ પાંચ જ વાર પ્રાપ્ત થાય.

(૩) મિશ્ર ઃ શુદ્ધ માન્યતા નહિ, અશુદ્ધ માન્યતા પણ નહિ, કિંતુ તે બેની વચલી અવસ્થા તે મિશ્ર ગુણસ્થાનક છે. જેમ જેણે 'કેરી' એવો શબ્દ પણ સાંભળ્યો નથી તે જીવમાં કેરીની પૌષ્ટિકતા, મધુરતા, પાચકતા, વગેરે ગુણો સંબંધી સાચી માન્યતા હોતી નથી, તેમ ખોટી માન્યતા પણ હોતી નથી, તેમ મિશ્ર ગુણસ્થાને રહેલા જીવમાં શુદ્ધ અને અશુદ્ધ એ બેમાંથી એક પણ માન્યતા હોતી નથી.

(૪) અવિરત-સમ્યગ્દૃષ્ટિ ઃ જે જીવો દર્શનમોહને મારીને કે નબળો પાડીને 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે.' આવી શુદ્ધ માન્યતા ધરાવે છે, પણ ચારિત્રમોહને મારી શક્યા નથી કે નબળો પણ પાડી શક્યા  નથી તેવા જીવો અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, અર્થાત્ ચોથા ગુણસ્થાને રહેલા છે. આ ગુણસ્થાનના નામમાં અવિરત અને સમ્યગ્દૃષ્ટિ એમ બે શબ્દો છે. આ ગુણસ્થાને રહેલા જીવો ચારિત્રમોહથી અશુદ્ધ (હિંસાદિ પાપવાળી) પ્રવૃત્તિવાળા હોવાથી અવિરત છે, અને શુદ્ધ માન્યતાવાળા હોવાથી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્ એટલે શુદ્ધ. દૃષ્ટિ એટલે માન્યતા. આમ સમ્યગ્દૃષ્ટિ એટલે શુદ્ધ માન્યતાવાળો એવો અર્થ થાય. એકવાર પણ આ ગુણસ્થાનને પામેલો આત્મા વધારેમાં વધારે દેશોન અર્ધ પુદ્ગલપરાવર્તન જેટલા કાળમાં અવશ્ય મોક્ષમાં જાય છે. આ ગુણસ્થાને રહેલા જીવો અરિહંતને=જિનેશ્વરને જ સુદેવ, પંચમહાવ્રતધારી સુસાધુને જ સુગુરુ, અને જિનેશ્વરે કહેલા ધર્મને જ સુધર્મ માને છે.

(૫) દેશવિરતિ - (૬) સર્વવિરતિ પ્રમત્ત ઃ પહેલાં આપણે વિચારી ગયા છીએ કે દર્શનમોહ અને ચારિત્રમોહ જેમ જેમ નિર્બળ બને તેમ તેમ આત્મા વિકાસ સાધતો ઉપરના ગુણસ્થાને ચઢે છે તથા એ પણ વિચારી ગયા કે દર્શનમોહને (મારીને કે) નિર્બળ બનાવીને ચોથા ગુણસ્થાને આવે છે. ચોથા ગુણસ્થાનકથી આગળ વધવા ચારિત્રમોહને નિર્બળ બનાવવાની જરૂર પડે છે. ચારિત્રમોહ નિર્બળ બનતાં હિંસાદિ પાપોથી નિવૃત્તિ કરી શકાય છે. ચારિત્રમોહ દેશથી (=થોડા પ્રમાણમાં) નિર્બળ બને છે. ત્યારે દેશથી (=થોડા પ્રમાણમાં) હિંસાદિ પાપોથી નિવૃત્તિ થાય છે.   ચારિત્રમોહ સર્વથા નિર્બળ બને છે. ત્યારે સર્વથા પાપોથી નિવૃત્તિ થાય છે. દેશથી- (-થોડા પ્રમાણમાં) હિંસાદિ પાપોથી નિવૃત્તિ તે દેશવિરતિ. સર્વથા હિંસાદિ પાપોથી નિવૃત્તિ તે સર્વવિરતિ. દેશવિરતિ ગુણસ્થાને રહેલા જીવોને હિંસાદિ પાપોથી આંશિક નિવૃત્તિ હોય છે. સર્વવિરતિ ગુણસ્થાને રહેલા જીવોને હિંસાદિ પાપોથી આંશિક નિવૃત્તિ હોય છે. ચોથા ગુણસ્થાને રહેલા જીવોમાં હિંસાદિ પાપોથી નિવૃત્તિ આંશિક પણ ન હોય. ચોથા-પાંચમા ગુણસ્થાને રહેલા જીવો સંસારત્યાગી ન હોય. છઠ્ઠા ગુણસ્થાને રહેલા જીવો સંસારત્યાગી હોય છે. અર્થાત્ ગૃહસ્થ વધારેમાં વધારે પાંચમા ગુણસ્થાનક સુધી આવી શકે છે. સંસારત્યાગી સાધુ છઠ્ઠા ગુણસ્થાનક સુધી આવી શકે છે. સંસાર ત્યાગી સાધુ છઠ્ઠા ગુણસ્થાને આવીને આગળ પણ વધી શકે છે. છઠ્ઠા ગુણસ્થો

પ્રમાદ હોવાથી તેનું 'સર્વવિરતિ પ્રમત્ત' એવું નામ છે. તેનું 'પ્રમત્ત સંયત' એવું પણ નામ છે. પ્રમત્ત એટલે પ્રમાદથી યુક્ત, સંયત એટલે સાધુ. પ્રમાદ યુક્ત સાધુનું ગુણસ્થાન તે પ્રમત્ત સંયત.

(૭) અપ્રમત્તસંયત ઃ જેમાં સંયત=સાધુ અપ્રમત્ત છે=પ્રમાદ રહિત છે તે અપ્રમત્ત સંયત ગુણસ્થાન. સંયત=સાધુ અપ્રમત્ત બને છે ત્યારે સાતમા ગુણસ્થાને આવે છે. છઠ્ઠા ગુણસ્થાને રહેલો આત્મા વિકાસના પંથે આગળ વધવા બાધક દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી આગળ વધવામાં સૂક્ષ્મ પ્રમાદ બાધક બને છે. જોકે સ્થૂલ પ્રમાદ ઉપર વિજય મેળવી લીધો છે, પણ હજી સૂક્ષ્મ (વિસ્મૃતિ, અનુપયોગ વગેરે) પ્રમાદ નડે છે. આથી તે તેના ઉપર વિજય મેળવવા પ્રયત્ન કરે છે. વિજય મેળવીને સાતમા ગુણસ્થાને ચઢે છે. પણ થોડી જ વારમાં પતન પામીને છઠ્ઠા ગુણસ્થાને આવે છે. ફરી સત્ત્વ ફોરવીને સાતમા ગુણસ્થાને ચડે છે. ફરી પડીને છઠ્ઠા ગુણસ્થાને આવે છે. ફરી સાતમા ગુણસ્થાને આવે છે, ફરી છઠ્ઠા ગુણસ્થાને આવે છે. જેમ લડવૈયો સંપૂર્ણ વિજય મેળવતાં પહેલાં યુદ્ધમાં થોડો વિજય પ્રાપ્ત કરે છે, પછી થોડો પરાજય પણ પામે છે, ફરી થોડો થય પામે છે, તો ફરી થોડો પરાજય પામે છે. એમ જય-પરાજયનો ક્રમ ચાલ્યા કરે છે. તેમ અહીં સાધુરૂપ લડવૈયાનો પ્રમાદરૂપ શત્રુની સાથે લડાઈ કરવામાં જય-પરાજય થયા કરે છે.

(૮) અપૂર્વકરણ ઃ છઠ્ઠાથી સાતમે, સાતમાથી છઠ્ઠે એમ ઝોલા ખાતો આત્મા જો સાવધાન ન રહે તો નીચે ફેંકાઈ જાય છે. જો સાવધાન રહે=અધિક અપ્રમત્ત બને તો ઉપર આઠમા ગુણસ્થાને આવે છે. અપૂર્વ=પૂર્વે ન કર્યા હોય તેવા, કરણ=પરિણામ કે અધ્યવસાય. આ ગુણસ્થાને રહેલા આત્મામાં પૂર્વે કદી ન થયા હોય તેવા વિશુદ્ધ અધ્યવસાયો થાય છે. અહીં સમકાળે પ્રવેશેલા જીવોના અધ્યવસાયોમાં વિવક્ષિત કોઈ પણ સમયે પરસ્પર વિશુદ્ધિમાં નિવૃત્તિ=તફાવત હોવાથી આ ગુણસ્થાનનું 'નિવૃત્તિકરણ' એવું પણ નામ છે.

(૯) અનિવૃત્તિ બાદર સંપરાય ઃ અહીંથી જીવોના ક્ષપક અને ઉપશમક એવા બે વિભાગ પડે છે. કોઈ જીવો અહીંથી મોહને મારતા મારતા આગળ વધે છે, તો કોઈ જીવો મોહને દબાવતા દબાવતા આગળ વધે છે. મોહને દબાવતા દબાવતા ચઢનાર જીવો ઉપશમક કહેવાય છે. તે જીવો અગિયારમા ગુણસ્થાન

સુધી ચઢે છે, પછી અવશ્ય પતન પામે છે મોહને મારતા મારતા જનારા જીવો ક્ષપક કહેવાય છે તે જીવો દશમા ગુણસ્થાનકથી સીધા બારમા ગુણસ્થાને જાય છે. હવે આપણે નવમા ગુણસ્થાનની વાત કરીએ. નવમા ગુણસ્થાને રહેલો આત્મા (સૂક્ષ્મ લોભ સિવાય) મોહને મારી નાખે છે કે દબાવી દે છે. આ ગુણસ્થાનના નામમાં અનિવૃત્તિ અને બાદરસંપરાય એવા બે વિભાગ છે. આ ગુણસ્થાને એક સમયે ચઢેલા બધા જ જીવોના અધ્યવસાયોની શુદ્ધિમાં નિવૃત્તિ=તરતતમતા ન હોય, અર્થાત, બધાના અધ્યવસાયો સમાન હોય છે. આથી તેના નામમાં અનિવૃત્તિ શબ્દ જોડવામાં આવ્યો છે. બાદર એટલે સ્થૂલ, સંપરાય એટલે કષાય. આ ગુણસ્થાને સ્થૂલ કષાયો હોય છે માટે તેના નામમાં બાદર સંપરાય શબ્દ જોડવામાં આવ્યો છે.

(૧૦) સૂક્ષ્મ સંપરાય ઃ સંપરાય એટલે કષાય. નવમા ગુણસ્થાને બાકી રહી ગયેલા સૂક્ષ્મ લોભ કષાયને આ ગુથસ્થાનનાં અંતે દબાવી દે છે કે મારી નાખે છે.

(૧૧) ઉપશાંત મોહ ઃ દશમા ગુણસ્થાનના અંતે મોહને સંપૂર્ણ દબાવીને આત્મા અગિયારમા ગુણસ્થાને આવે છે. અહીં મોહ (દબાયેલા શત્રુની જેમ) તદ્દન શાંત હોય છે. મોહની જરાય પજવણી હોતી નથી. આથી જ આ ગુણસ્થાનનું ઉપશાંતમોહ નામ છે. ઉપશાંત=શાંત થઈ ગયો છે મોહ જેમાં તે ઉપશાંત મોહ. મોહનેમ ારીને નહિ, પણ દબાવીને ૧૧માં ગુણસ્થાને આવે છે. આથી દબાયેલો શત્રુ જેમ બળ મળતાં પુનઃ આક્રમણ કરે છે, તેમ દબાયેલો મોહ થોડી જ વારમાં પોતાનું બળ બતાવે છે. આથી આત્મા ૧૧માં ગુણસ્થાનથી પડે છે.

(૧૨) ક્ષીણમોહ ઃ દશમા ગુણસ્થાને મોહને મારી નાખનાર આત્મા દશમા ગુણસ્થાનથી સીધો બારમા ગુણસ્થાને આવે છે. અહીં મોહની જરાય પજવણી હોતી નથી. આથી જ આ ગુણસ્થાનને ક્ષીણમોહ કહેવામાં આવે છે. ક્ષીણ=ક્ષય પામ્યો છે મોહ જેમાં તે ક્ષીણમોહ. આ ગુણસ્થાનના અંતે બાકી રહેલા ત્રણ ઘાતી કર્મોને મારી નાખે છે.

(૧૩) સયોગી કેવલી ઃ ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થઈ ગયા બાદ તુરત કેવલજ્ઞાન પ્રગટે છે. આ અવસ્થા તેરમું કેવલજ્ઞાન પ્રગટે છે. આ અવસ્થા તેરમું ગુણસ્થાન છે. અર્થાત્ કેવલજ્ઞાન તેરમા ગુણસ્થાને હોય છે. કેવલજ્ઞાન એટલે ત્રણ કાળના સર્વ પદાર્થોના સર્વ પર્યાયોનું જ્ઞાન. કેવલજ્ઞાની જીવ પોતાનું આયુષ્ય પાંચ હસ્તાક્ષર પ્રમાણ બાકી રહે ત્યાં સુધી તેરમા ગુણસ્થાને રહે છે. આ ગુણસ્થાને ઉપદેશ, વિહાર આદિથી મન, વચન, કાયા એ ત્રણ યોગની પ્રકૃતિ ચાલુ હોવાથી તેનું સયોગી નામ છે. યોગથી સહિત ને સયોગી. કેવલજ્ઞાન હોવાથી કેવળી કહેવામાં આવે છે.

(૧૪) અયોગી કેવળી ઃ પાંચ હ્વસ્વાક્ષર કાળ પ્રમાણ આયુષ્ય બાકી રહે ત્યારે આત્મા તેરમા ગુણસ્થાનના અંતે વિશિષ્ટ પ્રક્રિયા કરીને યોગરહિત બને છે. યોગરહિત અવસ્થા ચૌદમું ગુણસ્થાન છે. ચૌદમા ગુણસ્થાને આત્મા મેરુપર્વતની જેમ નિષ્પ્રકંપ બનીને બાકી રહેલા ચાર કર્મોનો ક્ષય થતાં દેહનો ત્યાગ કરી મોક્ષમાં ચાલ્યો જાય છે. આત્માનો આ અંતિમ વિકાસ છે. હવે તે કૃતકૃત્ય છે. હવે એને કદી દુઃખનો અંશ પણ નહિ આવે, એકલું સુખ જ રહેશે. ચૌદમા ગુણસ્થાને યોગો નથી હોતા, પણ કેવલજ્ઞાન હોય છે. આથી એને અયોગી કેવળી કહેવામાં આવે છે.

ગુણસ્થાનકનો કાળ

ગુણ નામ જઘન્યકાળ ઉત્કૃષ્ટ કાળ લક્ષણો

સ્થાન ૧. મિથ્યાત્વ - - ઘોર અજ્ઞાન

૨. સાસ્વાદન ૧ સમય ૬ આવલિકા લુપ્ત થતું દર્શન એટલે કે ચોથાંથી

પહેલાં ગુણસ્થાન પર લપસતી વખતે

હોય તેવી મનની સ્થિતિ

૩. મિશ્ર અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત મિશ્ર સમ્યક્ દર્શન અને મિથ્યા દર્શન

૪. અવિરત સમ્યગ્દષ્ટિ અંતર્મુહૂર્ત સાધિક ૩૩ સાગરોપ તપશ્ચર્યા વિનાનું સમ્યક્ દર્શન

૫. દેશવિરતિ અંતર્મુહૂર્ત દેશોન પૂર્વ કોટિવર્ષ સમ્યક્ ચરિત્રનો પ્રારંભ

૬. સર્વવિરતિ પ્રમત્ત ૧ સમય અંતર્મુહૂર્ત આહારક શરીરની રચના અને વ્રતોનું

પાલન, પરંતુ પ્રમાદ

સહિત મુનિ તરીકેના

જીવનની આ પહેલી અવસ્થા છે.

૭. અપ્રમત્ત સંયત ૧ સમય અંતર્મુહૂર્ત પ્રમાદનો લોપ અને સ્વાભાવિક

આનંદની આંશિક પ્રાપ્તિ.

૮. અપૂર્વકરણ ૧ સમય અંતર્મુહૂર્ત મનની શુદ્ધિને કારણે નવી

વિચારપ્રવૃત્તિઓ, વિઘ્નકારક

તત્ત્વોનું અપસારણ.

૯. અનિવૃત્તિ બાદર  ૧ સમય અંતર્મુહૂર્ત વધુ આગળ વધેલી મનની

પ્રવૃત્તિઓ. સંપરાય

૧૦. સૂક્ષ્મ સંપરાય ૧ સમય અંતર્મુહૂર્ત થોડા લોભ પર અંકુશ મેળવવો બાકી.

૧૧. ઉપશાંત મોહ ૧ સમય અંતર્મુહૂર્ત બાકી રહેલા લોભનો ત્યાગ.

૧૨. ક્ષીણ મોહ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત લોભનો સંપૂર્ણ ત્યાગ, પરિણામે

તૃષ્ણારહિત સ્થિતિ અને

પૂર્ણ સમ્યક્ ચારિત્ર.

૧૩. સયોગી કેવલી અંતર્મુહૂર્ત દેશોનપૂર્વ કોટિ વર્ષ સર્વજ્ઞત્વ, સમ્યક્ જ્ઞાનનું પૂર્ણત્વ,

જીવન- મુક્તિની અવસ્થાનો

સાક્ષાત્કાર. અવસ્થામાં

તીર્થંકરોને રહસ્યોદ્ઘાટનથાય.

૧૪. અયોગી કેવલી પાંચ હ્સ્વાક્ષર પાંચ હ્સ્વાક્ષર ત્રણ 'યોગ'નો અંત. આના પછી

નિર્વાણ પ્રાપ્ત થાય.

પ્રશ્ન ઃ જયાં સુધી માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી કોઈ ગુણ પ્રગટતો નથી એમ અહીં કહેવામાં આવ્યું છે. હવે પ્રશ્ન થાય છે કે, મિથ્યાત્વદશામાં માન્યતા અશુદ્ધ હોવાથી એક પણ ગુણ પ્રગટેલો ન હોવાથી મિથ્યાત્વદશાને ગુણસ્થાન કેમ કહેવાય ?

ઉત્તર ઃ મિથ્યાત્વદશામાં એક પણ વાસ્તવિક ગુણ પ્રગટેલો ન હોવા છતાં તેને બે અપેક્ષાથી ગુણસ્થાન કહેવામાં આવે છે. (૧) જીવની સૌથી નીચલી કક્ષા બતાવવાની અપેક્ષાથી. અશુદ્ધ માન્યતાવાળા સૌથી નીચલી કક્ષાએ રહેલા છે. પહેલું ગુણસ્થાન સૌથી નીચલી કક્ષાએ છે. (૨) જે જીવોમાં માન્યતાની અશુદ્ધિ (=મિથ્યાત્વ) અતિ અલ્પ હોવાથી દયા, દાન પરોપકાર, ભવોદ્વેગ, મોક્ષાભિલાષ આદિ પ્રાથમિક કક્ષાના ગુણો રહેલા છે, તેવા જીવોની અપેક્ષાએ મિથ્યાત્વદશાને ગુણસ્થાન કહેવામાં આવે છે.

પ્રશ્ન ઃ આ બે અપેક્ષાઓમાંથી કયા જીવોને કઈ અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાન હોય છે ?

ઉત્તર ઃ એકેન્દ્રિય, વિકલેંન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને ભવાભિનંદી સંજ્ઞીપંચેન્દ્રિય જીવોને પહેલી અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાન હોય છે. અપુનર્બંધક વગેરે જીવોને બીજી અપેક્ષાએ પ્રથમ ગુણસ્થાન હોય છે.

પ્રશ્ન ઃ કેવી માન્યતાઓને શુદ્ધ કહેવાય છે ?

ઉત્તર ઃ જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા શુદ્ધ છે.

પ્રશ્ન ઃ આનું શું કારણ ?

ઉત્તર ઃ જગતમાં સામાન્ય નિયમ છે કે જેને જે બાબતમાં જ્ઞાન ન હોય તે એ બાબતમાં જેને એ બાબતનું જ્ઞાન હોય અને વિશ્વાસપાત્ર હોય તેનું કહેલું માને છે તો જ સફળ બને છે. હિત-અહિતની બાબતમાં આપણે અજ્ઞાની છીએ. આથી આ વિષયમાં જે સંપૂર્ણ જ્ઞાતા હોય અને વિશ્વાસપાત્ર હોય તેનું જ વચન સ્વીકારવું જોઈએ. જિનેશ્વર ભગવાન સર્વજ્ઞ જ્ઞાતા હોય અને વિશ્વાસપાત્ર હોય તેનું જ વચન સ્વીકારવું જોઈએ. જિનેશ્વર ભગવાન સર્વજ્ઞ હોાથી આ વિષયમાં પૂર્ણ જ્ઞાન ધરાવે છે અને વીતરાગ હોવાથી વિશ્વાસપાત્ર છે. જિનેશ્વર ભગવાને જે કંઈ કહ્યું છે તે બધું જ આપણા હિત માટે જ કહ્યું છે, આથી જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા શુદ્ધ છે. જેનું કથન જિનેશ્વર ભગવાનના વચનને અનુસરતું ન હોય કે તેનાથી વિપરીત હોય તેને માનવું એ અશુદ્ધ માન્યતા છે.

પ્રશ્ન ઃ જિનેશ્વર ભગવાને શું કહ્યું છે ?

ઉત્તર ઃ (૧) પરલોક છે. દરેક જીવ પોતાના શુભાશુભ કર્મ પ્રમાણે સુખ-દુઃખ અનુભવે છે. (૨) સંસાર દુઃખરૂપ છે. સંસારનું સુખ પણ ક્ષણિક અને પરિણામે દુઃખ આપનારું છે. આથી સંસારમાં સાચું સુખ નથી. સાચું સુખ મોક્ષમાં જ છે. (૩) મોક્ષ મેળવવા જિનોક્ત પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને ત્યાગમય જીવન જીવવું જોઈએ. જિનેશ્વર ભગવાને મુખ્યતયા આ ત્રણ બાબતો કહી છે. બીજું જે કંઈ કહ્યું છે તે આ ત્રણ બાબતોને અનુસરીને જ કહ્યું છે.

મોટા ભાગના જીવો આ ત્રણ બાબતોને માનતા નથી. કેટલાક જીવો પરલોક છે, જીવો પોતપોતાના શુભાશુભ કર્મો પ્રમાણે સુખ-દુઃખ અનુભવે છે, એ બાબતને માને છે, પણ બીજી બે બાબતોનો સ્વીકાર કરતા નથી. કેટલાક જીવો પહેલી બાબત ઉપરાંત સંસાર દુઃખરૂપ છે. મોક્ષમાં જ સાચું સુખ છે એ બીજી બાબતને પણ માને છે. પણ ત્રીજી બાબતને માનતા નથી. આ ત્રણેય બાબતોને જે માને છે તે જ 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે.' એવું માનનારો છે.

પ્રશ્ન ઃ જિનેશ્વર દેવે કહેલી દર્શન-પૂજન આદિ ધર્મક્રિયા કરનારા ‘જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે’ એમ માનનારા હોય ને ?

ઉત્તર ઃ એકાંતે તેમ ન કહેવાય. જિનેશ્વરદેવે કહેલી ધર્મક્રિયા કરનારા બધા જ તેવું માનનારા હોય એવું ન કહેવાય. તેવા જીવોમાં પણ ઉપર કહ્યું તેમ કોઈ જીવો પહેલી બાબતને જ સ્વીકારનારા હોય છે, તો કોઈ જીવો પહેલી બે બાબતોને જ સ્વીકારનારા હોય છે. ત્રણેય બાબતોને સ્વીકારનારા તો બહુ જ થોડા હોય છે.

પ્રશ્ન ઃ એનો અર્થ એ થયો કે જિનેશ્વરદેવે કહેલી ધર્મક્રિયા કરનારા પણ પહેલા ગુણસ્થાને હોઈ શકે છે. આ સમજણ બરાબર છે ?

ઉત્તર ઃ હા. ગુણસ્થાનનો આધાર બાહ્ય ધર્મક્રિયા નથી, કિંતુ અંતરના પરિણામ છે. ચોથા, પાંચમા કે છઠ્ઠા ગુણસ્થાનની ક્રિયા કરતો હોવા છતાં પહેલા ગુણસ્થાને હોઈ શકે છે. ત્યારે કોઈક જીવ માટે એવું પણ બને કે ચોથા કે પાંચમા ગુણસ્થાનની ક્રિયા કરતો હોય, પણ એ ખરેખર તો છઠ્ઠા ગુણસ્થાને હોય.

પ્રશ્ન ઃ આ રીતે તો ક્રિયાનું મહત્ત્વ રહેતું નથી, અંતરના પરિણામનું જ મહત્ત્વ રહે છે.

ઉત્તર ઃ અહીં ભૂલ થાય છે. ક્રિયા અંતરના પરિણામને જગાડવામાં, ટકાવવામાં અને વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણા જીવોને માટે એવું બને છે કે તેઓ પહેલા ગુણસ્થાને હોવા છતાં ચોથા વગેરે ગુણસ્થાનની ક્રિયા કરતાં કરતાં તે તે ગુણસ્થાન પામી જાય છે.

પ્રશ્ન ઃ ગુણસ્થાનનો આધાર અંતરના પરિણામ છે. અંતરના પરિણામ આપણે જાણી શકતા નથી. આથી ક્યા જીવો ક્યા ગુણસ્થાને રહેલા હોય છે તે કેવી રીતે જાણી શકીએ ?

ઉત્તર ઃ ક્યા જીવો ક્યા ગુણસ્થાનોએ રહેલા છે એ તો ભગવંતો જાણી શકે, આપણે તો તે તે ગુણસ્થાનની ક્રિયા કરતા જોઈને અમુક જીવો અમુક ગુણસ્થાને છે તેમ અનુમાન કરી શકીએ.

પ્રશ્ન ઃ ક્યા ગુણસ્થાનની કઈ ક્રિયા છે.

ઉત્તર ઃ દેવ, ગુરુ અને ધર્મને માને નહિ, પૂજે નહિ, રાગી દેવને માને-પૂજે, પરિગ્રહી ગુરુને માને-પૂજે, હિંસાદીથી દોષિત ધર્મને માને-કરે, આવા જીવો પહેલાં ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. જિનેશ્વરદેવે કહેલી જિનપૂજાદિ ધર્મક્રિયા કરે, પણ વ્રતોનું પાલન ન કરે તેવા જીવો ચોથા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. જિનેશ્વર દેવે કહેલી ધર્મક્રિયા કરે અને અણુવ્રતોનું પાલન કરે તે પાંચમા ગુણસ્થાને રહેલા છે એમ કહેવાય. બીજા વગેરે ગુણસ્થાનોનો કાળ અતિ અલ્પ હોવાથી તેની ખાસ કોઈ ક્રિયા નથી.

પ્રશ્ન ઃ જયાં સુધી માન્યતા શુદ્ધ ન બને ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી એમ કહેવામાં આવ્યું છે. તથા 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે.' આવી માન્યતા શુદ્ધ છે. આનો અર્થ એ થયો કે જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે આવી માન્યતા આવ્યા વિના એક પણ ગુણ પ્રગટે નહિ. પણ આ વિષયમાં અનુભવ જુદો થાય છે. અનેક જીવોમાં જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સાચું છે એવી ાન્યતા ન હોવા છતાં શમ, દયા, દાન, ભવોદ્વેગ, મોક્ષાભિલાષ વગેરે ગુણો દેખાય છે. આનું શું કારણ ?

ઉત્તર ઃ આ વિષયને સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવાથી જરૂર છે. શુદ્ધ માન્યતા વિના દેખાતા ગુણો એ વાસ્તવિક ગુણો જ નથી.

પ્રશ્ન ઃ આનું શું કારણ ?

ઉત્તર ઃ મોક્ષની પ્રાપ્તિ ગુણોનું ફળ છે. શુદ્ધ માન્યતા વિના શમ આદિ ગુણોથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આથી જ પ.પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે- 'દાનાદિક કિરિયા ન દિયે સમકિત વિણ શિવશર્મ.' જે વસ્તુનું જે ફળ હોય તે ફળ ન મળે તો તે વસ્તુ શા કામની ? ઘડપણમાં સેવા થાય એ સંતાન પ્રાપ્તિનું ફળ છે એમ માનનાર પિતા જો છોકરો ઘડપણમાં પોતાની સેવા ન કરે તો આવો છોકરો શા કામનો ? એના કરતા છોકરો ન હોત તો સારું એમ કહે છે. જાણે મારે છોકરો ન હતો એમ વિચારીને આશ્વાસન મેળવે છે. તેમ અહીં શુદ્ધ માન્યતા વિના દેખાતા ગુણો એ વાસ્તવિક ગુણો જ નથી. આથી જ સમ્યક્ત્વનાં પાંચ લક્ષણોના ઉત્પત્તિક્રમમાં પહેલું આસ્તિક્ય જણાવ્યું. પછી બીજા ગુણો જણાવ્યા.

અર્થાત પહેલાં આસ્તિક્ય ગુણ પ્રગટે, પછી ક્રમશઃ અનુકંપા, નિર્વેદ, સંવેગ અને શમ પ્રગટે એમ જણાવ્યું છે. આસ્તિક્ય એટલે 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે જ સત્ય છે' એવી દૃઢ શ્રદ્ધા=માન્યતા.

પ્રશ્ન ઃ શુદ્ધ માન્યતા વિના ગુણોથી મોક્ષપ્રાપ્તિ કેમ થતી નથી.

ઉત્તર ઃ શુદ્ધ માન્યતા વિના ગુણોના સ્વરૂપનું બરોબર જ્ઞાન થતું નથી, તથા એનો જે રીતે ઉપયોગ કરવો જોઈએ તે રીતે ઉપયોગ થતો નથી. કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરતાં ન આવડે તો તેનાથી ફળ ન મળે. જેમ કે લક્ષ્મીથી લક્ષ્મી વધારી શકાય છે, થોડી લક્ષ્મીથી શ્રીમંત બની શકાય છે, પણ થોડી લક્ષ્મીનો ઉપયોગ કરતાં આવે તો. જેને લક્ષ્મીનો વેપાર આદિમાં ઉપયોગ કરવાની આવડત ન હોય અને અનુભવીની સલાહ માનવી ન હોય તે લક્ષ્મી વધરી શકે નહિ, બલ્કે રહેલી સંપત્તિ પણ ગુમાવી બેસે એ બનવા જોગ છે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં દયા આદિ ગુણોના સ્વરૂપ આદિનું જ્ઞાન ન હોય તો તેનાથી યથાર્થ લાભ થતો નથી. ગુણોના સ્વરૂપ આદિનું યથાર્થ જ્ઞાન જિનેશ્વર ભગવંતના ઉપદેશથી જ કરી શકાય છે. જિનેશ્વર ભગવાનનો ઉપદેશ ત્યારે જ રુચે છે કે જયારે 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે સાચું છે' એવી શુદ્ધ માન્યતા આવ્યા વિના ગુણોથી યથાર્થ લાભ થતો નથી. જે ગુણોથી યથાર્થ લાભ ન થાય તે ગુણો પરમાર્થથી નથી એમ કહેવાય. માટે જયાં સુધી માન્યતા ન આવે ત્યાં સુધી એક પણ વાસ્તવિક ગુણ પ્રગટતો નથી એમ અહીં કહેવાયું છે.

હા, એક વાત છે. કેટલાક (અપુનર્બંધક, માર્ગાનુસારી વગેરે) જીવોને દયા, દાન આદિ ગુણો 'જિનેશ્વર ભગવાને જે કહ્યું છે તે સાચું છે' એવી શુદ્ધ માન્યતા થવામાં કારણરૂપ બને છે, અર્થાત્ ગુણોથી કાલાંતરે શુદ્ધ માન્યતા પામી જાય છે. આથી તેમના ગુણોને પ્રાથમિક કક્ષામાં ગણીને તે જીવોનું પહેલું ગુણસ્થાન માનવામાં આવે છે. ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થયા પછી જ બીજું અને ત્રીજું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. માટે પહેલાં આપણે ચોથા ગુણસ્થાનકને વિચારીએ.

પ્રશ્ન ઃ દર્શન મોહને મારવા કે નબળો પાડવા શું કરવું પડે ?

ઉત્તર ઃ રાગ-દ્વેષની નિબિડ ગ્રંથિનો ભેદ કરવો પડે. રાગ-દ્વેષની ગ્રંથિ એટલે શું ? તેનો ભેદ કેવી રીતે થાય વગેરે સમજવા આ ગ્રંથના પહેલા અધ્યાયના ત્રીજા સૂત્રમાં બતાવેલા સમ્યકત્વ પ્રાપ્તિના ક્રમને સમજવાની જરૂર છે.

પ્રશ્ન ઃ ગુણસ્થાનોના વર્ણનમાં પહેલા ગુણસ્થાન પછી બીજા-ત્રીજા ગુણસ્થાનનું વર્ણન કર્યા વિના ચોથા ગુણસ્થાનનું વર્ણન કર્યું. પછી બીજા-ત્રીજા ગુણસ્થાનનું વર્ણન કર્યું આનું શું કારણ ?

ઉત્તર ઃ જીવ જયારે સૌથી પહેલી વાર પહેલા ગુણસ્થાનથી પતન પામે ત્યારે જ બીજા ગુણસ્થાને આવે છે. બીજું ગુણસ્થાન પતન પામનારને જ હોય છે. ચઢતા જીવને બીજું ગુણસ્થાન ન હોય. ત્રીજું ગુણસ્થાન ચઢતા-પડતા બંને પ્રકારના જીવોને હોય છે. અર્થાત્ પહેલા ગુણસ્થાનથી ત્રીજા ગુણસ્થાને આવે અને ચોથા ગુણસ્થાનેથી પણ ત્રીજા ગુણસ્થાને આવે. પણ એકવાર ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થયા પછી જ ત્રીજું ગુણસ્થાન આવે. આમ, બીજું અને ત્રીજું એ બે ગુણસ્થાન એક વાર ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થયા પછી જ પ્રાપ્ત થતા હોવાથી અહીં ચોથા ગુણસ્થાન પછી એ બેનું વર્ણન કર્યું છે.